## પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરાની તા. ૦૮/૦૧/૨૦૨૩ થી તા. ૦૧/૦૧/૨૦૨૩ સુધીના વિકની સારી કામગીરી (પોલીસ સાફલ્ય ગાથા) ની વિગત :-

**(૧) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૦૬/૨૦૨૩ તા.૧૨/૦૧/૨૦૨૩ :-**

તા. ૧૨/૦૧/૨૦૨૩ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રે.સ્ટે. ખાતે હાજર હતા તે વખતે એક છોકરો પારડી રેલ્વે સ્ટેશનથી અમદાવાદ પેસેન્જર ટ્રેનમા ઘરેથી કોઇને જાણ કર્યા વગર નિકળી આવેલ હોય જેને સુરત ઉતારી લેવા બાબતની જાણ કરતા નાઇટ ડી-સ્ટાફમાં ફરજ બજાવતા પુનમબેન ભીખાભાઇ પો.કોં. મણીલાલ જીવણભાઇ નાઓએ સદર બાળકને સુરત રેલ્વે સ્ટેશન ઉતારી સુરત રે.પો.સ્ટે.મા લાવી સદર બાળકનુ નામ ઠામ પુછપતા પોતે પોતનુ નામ યુગ સ/ઓ ઉમેશભાઇ ભંડારી ઉ. વ. ૧૩ ધંધો અભ્યાસ રહે ટિકલા સડક ફળીયા ઉદવાડા તા પારડી જી વલસાડવાળો હોવાનુ જણાવેલ અને તેના સ્કુલના મિત્રો તેને હેરાન કરતા હોઇ જેથી કોઇને પણ જાણ કર્યા વગર નિકળી આવેલ હોવાનુ જણાવતા સદર બાબતે પારડી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટરશ્રી મયુર પટેલનાઓનો સંપર્ક કરી બાળક મળી આવેલ ની જાણ કરતા તેઓએ સદર બાળકના માતાપિતાના મો.ફોન ઉપર સંપર્ક કરતા તેઓ સુરત રે.પો.સ્ટે. લેવા માટે આવતા તેઓના નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી બાળકનો કબ્જો તેના માતાપિતાને રૂબરૂમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે

**(૨) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૩૧/૨૦૨૩ તા.૧૨/૦૧/૨૦૨૩ :-**

તા.૧૨/૦૧/૨૦૨૩ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ શી ટીમ સાથે સુરત રેલ્વે સ્ટેશન ઉપર પેટ્રોલીગમાં હાજર હતા તે વખતે એક બાળકી એકલી બેસેલ જોવામા આવતા તેની પુછપરછ કરતા તેને જણાવેલ કે તે મુકેશ નામના છોકરા સાથે પ્રેમ સંબધ હોવાથી વતનથી કોઇને જાણ કર્યા વગર નિકળી આવેલ હોવાનુ જણાવતા સદર બાળકીનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ ગુડ્ડુકુમારી ડો/ઓ જનક જાતે મંહતો ઉ.વ. ૧૬ ધંધો અભ્યાસ રહે ગામ સુલયાલી થાના નુપુર જી કાગડા રાજ્ય હિમચાલપ્રદેશ વાળી હોવાનુ જણાવેલ અને આજથી એકાદ વર્ષ પહેલા તેની મુલાકત તેના વતનમાં થયેલ હતી અને ત્યાર બાદ અવાર નવાર ફોન ઉપર વાતચીત કરતા હતા અને મુકેશે મને ફોન કરી જણાવેલ કે તુ સુરત આવતી રહે તેમ જણાવતા તે હિમાચલ પ્રદેશ થી ટ્રેનમાં બેસી સુરત આવેલ હોવાનુ જણાવતા તેના જણાવેલ સરનામે નુપુર પોલીસ સ્ટેશનના પો. સબ ઇન્સ નાઓના મો નં ઉપર વાતચીત કરતા તેઓએ જણાવેલ કે સદર બાળકીના માતાપિતાએ તેઓની દિકરી ગુમ થયા અંગેની જાણ કરવા આવેલ છે જેથી તેઓને જણાવેલ કે તેઓની દિકરી સુરત મળી આવેલ છે જેથી સદર બાળકીને તેના માતાપિતા ન આવે ત્યા સુધી અસ્થાઇ આશ્રમ માટે ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ રામનગર રાંદેર સુરત ખાતે મુકવામા આવેલ. બાદ તા ૧૪/૦૧/૨૦૨૩ ના રોજ સદર બાળકીના માતાપિતા સુરત રે.પો.સ્ટે. ખાતે લેવા માટે આવતા તેઓનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી બાળકીનો કબ્જો રૂબરુમા સોપવામાં આવેલ છે

**(૩) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૪૦/૨૦૨૩ તા.૧૩/૦૧/૨૦૨૩ :-**

તા. ૧૩/૦૧/૨૦૨૩ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ શી ટીમ સાથે સુરત રેલ્વે સ્ટેશન ઉપર પેટ્રોલીગમાં હાજર હતા તે વખતે બે બાળકો લીફ્ટમા એકલા પ્લે નં. ૧ ઉપર ઉતરીને જતા જોવામા આવતા તેઓની પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે અમે અમારા વતનથી મુંબઇ કાકાના ઘરે ગયેલ હતા અને ત્યારબાદ પરત અમારા વતન જઇએ છીએ અને અમે અમારા માતા પિતાને જાણ કર્યા વિના ઘરેથી ભાગીને આવેલ છીએ તેમ જણાવતા વુ.એ.એસ.આઇ. મનીષાબેને તેઓના નામ ઠામ પુછતા પોતે પોતાના નામ (૧) જગતનંદન S/O પવન જાતે. મહંતો ઉ.વ..૧૨ ધંધો. અભ્યાસ રહે. ગામ ચનેનીયા પોસ્ટ ખજુરાત થાના ભદોર જી.પટના (૨) રાજકુમાર S/O શંકર જાતે. મહંતો ઉ.વ.૧૪...

...ધંધો-અભ્યાસ રહે. ગામ ચનેનીયા પોસ્ટ ખજુરાત થાના ભદોર જી.પટના વાળા હોવાનુ અને તેઓના વાલી વારસોના મો.નં. યાદ ન હોય જેથી ભદોર પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટેશન ઓફીસર નાઓના મો.નં. ઉપર સંર્પક કરતા તેઓએ જણાવેલ કે તેઓના માતાપિતાને જાણ કરીએ છીએ. જેથી સદર બાળકોના માતાપિતા ન આવે ત્યા સુધી તેઓને અસ્થાઇ આશ્રય માટે શ્રી વી.આર. પોપવાલા ચિલ્ડ્રન હોમ કતારગામ સુરત ખાતે મુકવામા આવેલ. જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે

**“પોલીસ અધિક્ષકશ્રીની આજ્ઞાનુસાર ”**

Sd/-
( એસ.ડી. ભટ્ટ )
રીડર પો.સબ ઇન્સ.
પોલીસ અધિક્ષકની કચેરી
પશ્ચિમ રેલ્વે, વડોદરા